।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# *Management* પાર્શ્વ

## પ્રભુ પાર્શ્વની પ્રસાદી જેવા
## *Life Secrets*

**પ્રિયમ્**


अहो श्रुतम्
શા. બાબુલાલજી સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
પોષ, વિ. ૨૦૭૭

# ✻ *Management : પાર્શ્વ* ✻

**(1) Action Managment** : પાર્શ્વનાથ ભગવાન પહેલા મરુભૂતિના ભવમાં પત્ની-ભાઈ બંનેનો દુરાચાર જુએ છે, છતાં ધસી જઈને બંનેને મારી નાંખવાનું કે બૂમાબૂમ કરવાનું કામ કરતા નથી.

**लोकापवादभीरुस्तु विरुद्धं न समाचरत् ।**

***લોકાપદાવદભીરુ મરુભૂતિ નિંદ્ય કામ નથી કરતા.***

ક્યાં સમયે કેવી રીતે કામ કરવું, પરિસ્થિતિ ગમે તેવી હોય મગજનું સંતુલન કઈ રીતે ન ગુમાવવું, એ આપણને પાર્શ્વનાથ ભગવાન શીખવાડે છે, મરુભૂતિ ગમ ખાઈ જાય છે. રાજાને જઈને ફરિયાદ કરે છે, રાજા કમઠને દંડ કરે છે, ઘર સુરક્ષિત થઈ જાય છે, કામ જે કરવાનું હતું એ જ કાર્યું, પણ સમજણપૂર્વક.

**મરુભૂતિ જો ઊંધું ઘાલીને ધસી ગયો હોત, તો શક્ય હતું કે કમઠ અને એની પત્ની મળીને એને મારી નાંખે. રૌદ્રધ્યાનમાં મરીને એ નરકે જાય, મરુભૂતિ જો બંને પર તૂટી પડીને એમને ખતમ કરી દે, તો બની શકે, કે એને મૃત્યુદંડ મળે અને એ દુર્ધ્યાનમાં બધું જ ભવિષ્ય ખલાસ કરી દે. કિરાતાર્જુનીયં કાવ્ય કહે છે -**

**सहसा विदधीत न क्रिया-मविवेकः परमापदां पदम् ।**
**वृणुते हि विमृश्य कारिणं, गुणलुब्धाः स्वयमेव सम्पदः ।।**

***એકદમ, અચાનક, સહસા કોઈ કામ ન કરવું.***
***અવિવેક એ પરમ આપત્તિનું સ્થાન છે.***
***જે વિચારીને કામ કરે છે, એને ગુણલુબ્ધ-સંપત્તિઓ પોતે જ સામેથી આવીને વરે છે.***

છગન ને મગન ગપ્પા મારતા હતા ‘‘એક વહાણમાં ૩૦૦ મૂર્ખાઓ બેઠા હતા. બધા ડુબી ગયા.’’ ‘‘કેવી રીતે ? વહાણ ડુબી ગયું ?’’

''ના.'' ''પરસ્પરને દરિયામાં ફેંકી દીધા ?'' ''ના.'' ''તો પછી ડુબ્યા કઈ રીતે ?'' ''મૂર્ખા હતા એટલે'' ''પણ કઈ રીતે ?'' ''વહાણ ઊભું રહી ગયું હતું, તો બધા ધક્કા મારવા નીચે ઉતર્યા''.

Action Managment. ઘણી વાર આપણું વહાણ ઊભું રહી જતું હોય છે, ને આપણે ધક્કો મારવા નીચે ઉતરતા હોઈએ છીએ, કોઈના પર જ્યારે આપણે સીધા તૂટી પડતા હોઈએ છીએ, ત્યારે આપણે ધક્કો મારવા નીચે ઉતરતા હોઈએ છીએ, સ્વજનની મારપીટ કરી બેસીએ ત્યારે આપણે ધક્કો મારવા નીચે ઉતરતા હોઈએ છીએ. ગ્રુપ કે મિત્રતાના નામે આપણે સાવ ખોટી જગ્યાએ પહોંચી જઈએ, ત્યારે આપણે ધક્કો મારવા નીચે ઉતરતા હોઈએ છીએ. કમાણીના શોર્ટ-કટના નામે આપણે ખોટા ધંધા શરૂ કરી દઈએ ત્યારે આપણે ધક્કો મારવા નીચે ઉતરતા હોઈએ છીએ.

**તમારે કાંઈ પણ કરવું હોય એની પહેલા જરા થોભો, શાંત ચિત્તે વિચાર કરો... આમાં ઔચિત્ય શું છે ? હિતાહિત - લાભાલાભ શું છે ? શું કરવામાં શું પરિણામ આવે એવું છે ? Action Managment ન હોત, તો મરુભૂતિ 'પાર્શ્વનાથ ભગવાન' સુધી ન પહોંચી શક્યા હોત. આપણને પાર્શ્વનાથ મળ્યાં. એનું કારણ છે Action Managment. Action Managment આપણને પણ ઘણી બધી હોનારતોથી બચાવી શકે છે.**

**(2) Bliss Management :** માણસ દુઃખને મેનેજ નથી કરી શકતો એવું કહેવાય છે. હકીકતમાં એ સુખને પણ મેનેજ નથી કરી શકતો. હજી ઊંડાણમાં ઉતરીએ, એ સુખને મેનેજ નથી કરી શકતો માટે જ એ દુઃખી થાય છે.

છગન એક કંદોઈની દુકાને ગયો. ત્યાં એક મોટું બોર્ડ લગાડેલું હતું. ''એક નોકરની જરૂર છે, ડાયાબિટીશના દર્દીને પહેલી પસંદગી.''

**માણસને ડાયાબિટીશ એટલા માટે થાય છે કે એની પાસે Bliss Management નથી. શ્રીમંતોના ઘર તૂટી જાય છે, પરિવાર વિખૂટા પડી**

**જાય છે, શરીર ખખડી જાય છે, મનમાં ટેન્શનો આંટા મારવા લાગે છે, કારણ એટલું જ છે કે એમના પાસે Bliss Mangement નથી.**

પાર્શ્વનાથ ભગવાનનો ત્રીજો ભવ છે કિરણવેગ વિદ્યાધર રાજાનો. તિલકા નગરીનું સામ્રાજ્ય છે, નવયૌવન છે. પદ્માવતી વગેરે અપ્સરા જેવી રાણીઓ છે, અદ્‌ભુત વૈભવ છે, લખલૂટ સંપત્તિ છે, એ સુખને એ રાજા ભોગવે પણ છે, પણ કઈ રીતે ?

**सोऽनासक्तः सिषेवे च सुखं वैषयिकं सुधीः ।**

*એ રાજા સદ્‌બુદ્ધિ ધરાવે છે.*

*એ વિષયસુખને અનાસક્તપણે ભોગવે છે.*

Bliss Mangement. ચાખવું એ જુદી વસ્તુ છે. ચોંટી જવું એ જુદી વસ્તુ છે. કેરીના રસના ૧-૨ વાટકા પીવો એનો અર્થ સ્વાદ હોઈ શકે, કેરીના રસના ૧૦-૧૨ વાટકા પીવો એનો અર્થ ઝાડા-ઉલ્ટી હોઈ શકે. પા-અડધો કલાક કોઈ પ્રોગ્રામ જોઈ લીધો, એનો અર્થ આનંદ હોઈ શકે. આખી રાત ઉજાગરો કરીને પ્રોગ્રામ્સ જોયા કરે એનું નામ આફતોનું આમંત્રણ હોઈ શકે. જરૂરિયાતો પૂરી થઈ જાય એટલી કમાણી સુખ હોઈ શકે, સતત અઢળક કમાણી એ જરૂરિયાત બની જાય, એનો અર્થ મજૂરી હોઈ શકે.

**તમે એટલા માટે સુખી નથી, કે તમને સુખ ભોગવતા જ આવડતું નથી, તમે એટલા માટે સુખી નથી કે તમને તમારું સુખ હંમેશા ઓછું લાગે છે. તમે એટલા માટે સુખી નથી કે તમને બીજાનું સુખ હંમેશા મોટું લાગે છે, તમે એટલા માટે સુખી નથી, કે તમે તમારા સુખને શરતી બનાવ્યું છે.**

છગન એરપોર્ટ પાસે ઊભો હતો, કોઈ અમેરિકન ત્યાં આવ્યો ને છગન સાથે વાત ચાલું કરી, ‘‘અમારે ત્યાં બે પ્રકારના રોડ હોય છે, (૧) નેશનલ, (૨) ઈન્ટરનેશનલ’’ છગને કહ્યું ‘‘અમારે ત્યાં ય બે પ્રકારના રોડ હોય છે. (૧) અંડર કન્સ્ટ્રક્શન અને (૨) ટેક ડાયવર્ઝન.’’

આપણું લાઈફ મોશન સ્મુથ નથી કારણ કે આપણે અંડર કન્સ્ટ્રક્શન છીએ, આપણે એટલા ઉબડ-ખાબડ છીએ, કે હજી આપણું કન્સ્ટ્રક્શન પણ ચાલું થયું છે કે નહીં એ પ્રશ્ન છે. દુનિયાના બધા સુખસાધનો ભેગા થઈને પણ આપણને સુખી કરી શકે કે નહીં એ પ્રશ્ન છે, આપણે એક બાજુ રહી જઈએ છીએ ને આપણા સુખો ડાયવર્ઝન લઈ લઈને જતા રહે છે, કારણ કે આપણી પાસે Bliss Management નથી.

તમે ચોંટો નહીં તો જે સુખ મળ્યું એ ચારગણું છે. તમે ચોંટો નહીં તો જે સુખ મળ્યું એ ચાર ચાંદવાળું છે, તમે ચોંટો નહી, તો સુખ તમને ચોંટવા મથે છે, તમે ચોંટવા જાઓ એની સાથે સુખ ચૂંથાઈ જાય છે. સંતોષ એ Bliss Management છે, સીમા એ Bliss Management છે. સંવેગ એ Bliss Management છે. વિદ્યાધર રાજા તરીકે ઐશ્વર્યની સાથે પણ પાર્શ્વનાથ ભગવાનના જીવની સુખ પોલિસી કેવી હતી ! યાદ આવે વીતરાગસ્તોત્ર -

**यदा मरुन्नरेन्द्रश्री – स्त्वया नाथोपभुज्यते ।**
**यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ।।**

*હે નાથ ! જ્યારે જ્યારે*
*આપ દેવતાઈ કે માનવીય સુખ સંપત્તિને ભોગવો પણ છો.*
*ત્યારે ય... જેમાં તેમાં બીજાઓને રતિ પણ થતી હોય,*
*તેમાં ય આપને તો વિરાગ જ હોય છે.*

સુખ એ સુખ નથી, સુખની અવગણના એ સુખ છે, ઈચ્છા ય સુખ નથી ને ઈચ્છાપૂર્તિ એ પણ સુખ નથી, ઈચ્છાની ઉપેક્ષા ને ઈચ્છાનું ઉન્મૂલન સુખ છે.

**ચાહ ગઈ ચિંતા ગઈ મનવા બેપરવાહ,**
**જિસકો કછુ ન ચાહિયે વોહી શહેનશાહ.**

કિરણવેગ રાજા આ જ Bliss Mangement માં આગળ વધે છે,

એ બધા જ સુખોને લાત મારીને દીક્ષા લે છે, એની સાથે જ એમના કરતા લાખોગણા સુખો એમને ઘેરી વળે છે. યાદ આવે યોગસાર -

**नार्थ्यते यावदैश्वर्यं तावदायाति सम्मुखम् ।**
**यावदभ्यर्थ्यते तावत् पुनर्याति पराङ्मुखम् ।।**

*જ્યાં સુધી ઐશ્વર્ય નથી જોઈતું,*
*ત્યાં સુધી એ સામેથી આવી મળે છે.*
*જ્યારે ઐશ્વર્યની અભ્યર્થના કરાય છે,*
*ત્યારે એ વિમુખ થઈને ભાગી જાય છે.*

સુખને સમજ્યા વિના આપણે સુખ મેળવવું છે, એનો અર્થ એટલો જ છે, કે આપણે બજારમાં એક એવા માણસને શોધી રહ્યા છીએ, જે આપણા માટે તદ્દન અજાણ્યો છે. સુખની અનાસક્તિ એ સુખની ખરી ઓળખાણ છે, સુખની અનાસક્તિ એ સુખનું ખરું આગમન છે, સુખની અનાસક્તિ એ સુખની ખરી પ્રાપ્તિ છે. આટલું સમજાય, તો Bliss Management સમજાઈ જશે.

**(3) Pain Management :** માણસને પીડા દુઃખી કરે છે, એવું નથી, માણસ પીડા હોવા છતાં ય દુઃખી ન હોય, એ શક્ય છે, શરત એટલી, કે એની પાસે Pain Mangement હોવું જોઈએ.

છગનનો એક્સીડન્ટ થયો, હોસ્પિટલમાં એને જોતાની સાથે મગન ભડક્યો, ‘‘આ શું ? આટલું બધું તો નતું વાગ્યું.’’ નર્સે કહ્યું, ‘‘એમને લાવતી એમ્બ્યુલન્સનો પણ એક્સીડન્ટ થયો હતો.’’

એમ્બ્યુલન્સનો એક્સીડન્ટ ન થાય એ છગનના હાથની વાત ન હતી. છગન ડબલ એક્સીડન્ટનો ભોગ બન્યો હતો, જેમાં એનો વાંક ન હતો, આપણે આપણા એક્સીડન્ટ્સની હારમાળા ચલાવતા હોઈએ છીએ, જેમાં આપણો જ વાંક હોય છે. **પીડાને મોટી કરવાની પણ એક કળા હોય છે, પીડાને જીવતી રાખવાની પણ એક કળા હોય છે, પીડાને અનેક**

**ગણી બનાવીને રોવાની પણ એક કળા હોય છે, Pain બધા પાસે હોય છે, Pain Management કોઈ વિરલા પાસે હોય છે.**

પાર્શ્વનાથ ભગવાનનો જીવ વજ્રનાભ રાજર્ષિ છે, ભયંકર જંગલમાં પૂર્ણ સ્વસ્થતા સાથે વિહાર કરી રહ્યા છે, કમઠનો જીવ કુરંગક નામનો ભીલ ત્યાં આવે છે, પૂર્વ જન્મના વેરથી તીરથી પ્રહાર કરે છે, મહાત્મા વીંધાઈ જાય છે. અસહ્ય પીડા છે, અંત સમય નજીકમાં છે, લોહીની સેર છૂટી છે. જોઈને પણ કમકમી જવાય એવી પરિસ્થિતિ છે, એમાં એ મહાત્મા શું કરે છે ?

**नमोऽर्हद्भ्य इति गृणन्, प्रतिलिख्य च भूतलम् ।**
**निषसाद प्रहारार्तोऽप्यार्त्तध्यानविवर्जितः ।।**

*નમો અરિહંતાણં એમ બોલીને ભૂતળને બરાબર જોઈને*
*એ મહામુનિ નીચે બેઠા*
*એ પ્રહારથી આર્ત્ત હતા પણ આર્ત્તધ્યાનનું*
*નામોનિશાન ન હતું.*

Pain Management. દુઃખ હોવું અને દુઃખી થવું આ બંનેને આપણે સમાનાર્થી વાક્યો ગણીએ છીએ, પણ હકીકતમાં એવું નથી. એ બંને તદ્દન જુદી વસ્તુ છે. **દુઃખ હોવું - એ સંયોગાધીન હોય છે, દુઃખી થવું એ ઈચ્છાને આધીન હોય છે. દુઃખ હોવું એ પૂર્વબદ્ધ કર્મને આધીન હોય છે, દુઃખી થવું એ વર્તમાનની અણઘડતાને આભારી હોય છે. દુઃખ હોય - ત્યારે આપણે બુદ્ધિમાન હોઈ શકીએ છીએ, દુઃખી થઈએ ત્યારે આપણે મૂર્ખ જ હોઈએ છીએ.**

દુઃખનો આપણને અજોડ અનુરાગ છે, જેથી એના આવ્યા પહેલાથી આપણે એનું વૈચારિક સ્વાગત કરવા લાગીએ છીએ, એ આવી જાય એટલે એનામાં જ મશગૂલ અને તન્મય બની જઈએ છીએ. એના જ વિચાર, એની જ વાત, એની જ સરભરા... ને એ જાય એટલે આપણે

રોજ એના એક નવા સ્મૃતિગ્રંથની રચના કર્યા કરીએ છીએ, ને પછી આજીવન એની નવી નવી આવૃત્તિઓનું પ્રકાશન કર્યા કરીએ છીએ.

**भैषज्यमेतद् दुःखस्य, यदेतन्नानुचिन्तयेत् ।**

*દુઃખની દવા એ જ છે*

*કે તમે એના વિચારો છોડી દો.*

*ન દુઃખ પહેલા, ન દુઃખમાં, ન દુઃખ પછી.*

અવિચાર એ દુઃખની તત્ક્ષણ વિદાય છે, અવિચાર એ દુઃખની તત્ક્ષણ સમાપ્તિ છે. અવિચાર એ દુઃખની એક જ ધક્કે હકાલપટ્ટી કરી દેવાની ચેષ્ટા છે.

વજ્રનાભ રાજર્ષિ મરણાંત પીડામાં પણ પૂર્ણ સમાધિમાં છે. આપણે નાની પીડામાં પણ પૂર્ણ અસમાધિમાં હોઈએ છીએ. કારણ કે આપણી પાસે Pain Management નથી. કોઈ કવિએ બહુ મજાની વાત કરી છે.

**આપણા દુઃખનું કેટલું જોર ?**

**નાની એવી વાતનો ન મચાવીએ શોર.**

વજ્રનાભ રાજર્ષિ સંપૂર્ણ સમાધિ સાથે કાળ કરીને મધ્યગ્રૈવેયકમાં મહાન સમૃદ્ધિસંપન્ન દેવ થાય છે, તમારી પાસે જો Pain Management છે તો Pain ટકી શકે એવી કોઈ શક્યતા જ નથી.

**(4) Mind Management : આખી જમીન પર ચામડું પાથરી દેવું શક્ય જ નથી. શક્ય છે, પગરખા પહેરી લેવા. આખી દુનિયાને Manage કરવી શક્ય જ નથી, શક્ય છે, આપણા મનને મેનેજ કરવું.**

પ્રભુનો સાતમો ભવ છે - સ્વર્ણબાહુ ચક્રવર્તી. છ ખંડનું સામ્રાજ્ય છોડીને પ્રભુ દીક્ષા લે છે. અદ્ભુત તપ... અદ્ભુત સાધના... એના દ્વારા પ્રભુ તીર્થંકર નામકર્મ બાંધે છે. વિચરતા વિચરતા પ્રભુ એક ભયાનક જંગલમાં આવે છે. કમઠનો જીવ ત્યાં સિંહ થયો છે. ૧ દિવસનો ભૂખ્યો છે. પ્રભુને જુએ છે ગુસ્સાથી એનું માથું ફાટ ફાટ થાય છે, એ દોડે

છે, પ્રભુ નિશ્ચલ રહે છે. એ છલાંગ લગાવે છે, પ્રભુ નિર્ભય રહે છે. એ તરાપ મારે છે પ્રભુ નિશ્ચિંત રહે છે. એ પ્રભુને જીવતા ફાડીને ખાઈ રહ્યો છે. પ્રભુ પરમ સમભાવમાં ઝીલતા રહે છે.

**धर्मध्यानेऽवतस्थे च सिंहेऽप्यविकृताशयः ।**

*પ્રભુ ધર્મધ્યાનમાં સ્થિર થઈ જાય છે*
*પ્રભુને સિંહ પ્રત્યે ય મનમાં ય કોઈ જ અસદ્ભાવ નથી.*

**Mind Management જ્યાં સુધી તમારું મન બગડ્યું નથી, ત્યાં સુધી કશું જ બગડ્યું નથી. આપણી આદત એવી છે, કે કશું બગડ્યું ન હોવા છતાં, મન બગાડીને બધું જ બગાડી દઈએ છીએ. આપણે આપણા મનને મેનેજ કરીએ તો દુનિયાને મેનેજ કરવાની કોઈ જરૂર નથી. આપણે આપણા મનને મેનેજ ન કરીએ તો દુનિયાને મેનેજ કરવાનો કોઈ અર્થ નથી.**

બહારથી તમને કાંઈ મળશે, એ આશા જ છોડી દો. તમને જે મળશે એ અંદરથી મળશે. 'બહારના' ખાતર અંદરનું બગાડવું એ ઢીંગલી ખાતર દીકરી ખોવા જેવું છે.

ઘર ભડકે બળી રહ્યું છે. માણસ જાનના જોખમે અંદર જાય છે, એક ઢીંગલીને હેમખેમ સહી સલામત બહાર લઈ આવે છે, ને એની દીકરી અંદર બળીને ભડથું થઈ જાય છે. આપણી જિંદગીનું સરવૈયું લગભગ આ જ હોય છે. આપણું આપણને આપણું જ નથી લાગતું, આપણું લગભગ ઉપેક્ષિત હોય છે. જેના માટે આપણે બધું જ કુરબાન કરી દઈએ છીએ, એ આપણું હોતું નથી ને એ કદી આપણું થતું પણ નથી. કોઈ કવિએ સાચું જ કહ્યું છે.

**મન વચાળે એક મોતી કોણ મરજીવા બને ?**
**આપણું તો સ્વપ્ન કેવળ ઝાંઝવાનું હોય છે.**

સિંહ ઝાંઝવા લૂંટી રહ્યો હતો, પ્રભુ મરજીવા બન્યા હતા, ઝાંઝવાની ક્ષમતા હોય છે દોટ આપવાની, ત્રાસ આપવાની, થાક આપવાની, ક્લેશ

આપવાની, તરસ વધારવાની, ને મોત આપવાની, ઝાંઝવા વધુમાં વધુ જે આપી શકે તે આ હોય છે, સિંહ એની નરકનું સર્જન કરી રહ્યો છે. સિંહ ભયંકર દુ:ખોનું રિઝર્વેશન કરાવી રહ્યો છે, સિંહ કદાચ અનંત મૃત્યુ નિશ્ચિત કરી રહ્યો છે. **સિંહ પ્રભુના દેહને ચૂંથી રહ્યો છે, પણ પ્રભુ ચૂંથાઈ નથી રહ્યા. સિંહ પ્રભુને ચૂંથી શકે એ શક્ય જ નથી, સિંહ તો પ્રભુને સ્પર્શ સુદ્ધા કરી શકે તેમ નથી, પ્રભુ ને વિશ્વની એક જ વ્યક્તિ ચૂંથી શકે તેમ છે. પ્રભુ પોતે. પણ પ્રભુ પોતાને ચૂંથતા નથી, ચૂંથવા માંગતા ય નથી માટે પ્રભુને કોઈ જ ચૂંથી શકે તેમ નથી.**

Mind Mangement. કોઈએ રૂપિયા દબાવ્યા એટલે આપણે આપણને ચૂંથવા જરૂરી છે ? કોઈએ આપણા માટે ઘસાતા શબ્દો કહ્યા એટલે આપણે આપણને ચૂંથવા જરૂરી છે ? કોઈએ આપણી બદનામી કરી એટલે આપણે આપણને ચૂંથવા જરૂરી છે ? કોઈએ આપણો ટાંટિયો ખેંચ્યો એટલે આપણે આપણને ચૂંથવા જરૂરી છે ? કોઈએ આપણને મેણા ટોણા માર્યા એટલે આપણે આપણને ચૂંથવા જરૂરી છે ? દીકરીનું ઠેકાણું ન પડ્યું એટલે આપણે આપણને ચૂંથવા જરૂરી છે ? દીકરો આડો ફાટે એટલે આપણે આપણને ચૂંથવા જરૂરી છે ? આપણા ચરિત્રનો સાર એટલો જ છે કે આપણને ફક્ત એક બહાનું જોઈએ છે આપણને ચૂંથવા માટે, બહાનું મળ્યું નથી ને આપણે આપણને ચૂંથ્યા નથી.

**આપણું મન સિંહ બને છે ને આપણા શુદ્ધ આત્મા-સ્વરૂપ પરમાત્માને ચૂંથે છે, કમઠ પણ આપણી ભીતરમાં છે ને પાર્શ્વનાથ પણ આપણી ભીતરમાં છે. અનાદિકાળથી કમઠ પાર્શ્વનાથ પર ઉપસર્ગ કરી રહ્યો છે. ફોન એ પણ કમઠનો પાર્શ્વનાથ પરનો ઉપસર્ગ છે. હોટલ એ પણ કમઠનો પાર્શ્વનાથ પરનો ઉપસર્ગ છે. વિષયસેવન એ પણ કમઠનો પાર્શ્વનાથ પરનો ઉપસર્ગ છે. રતિ-અરતિ-રાગ-દ્વેષ-કષાયો - આ બધું જ કમઠનો પાર્શ્વનાથ પરનો ઉપસર્ગ છે. ને આપણે નિર્લજ્જ થઈને ફક્ત જોયા કરીએ છીએ.**

આગલા ભવોમાં દરેક ઉપસર્ગ મરણાન્ત નીવડે છે, કમઠ પ્રભુની હત્યા કરે છે. ધરણેન્દ્ર છેલ્લા ભવમાં જ આવે છે, ને ઉપસર્ગનું નિવારણ કરીને પ્રભુની રક્ષા કરે છે. આપણો છેલ્લો ભવ એ હશે જેમાં આપણી ભીતરનો ધરણેન્દ્ર જાગશે, ને આપણી ભીતરના પાર્શ્વનાથની રક્ષા કરશે. Mind નો અર્થ છે કમઠ, Mind Management એટલે ધરણેન્દ્ર અને મોક્ષ એટલે પાર્શ્વનાથ. Mind નો અર્થ છે સંસાર, Mind Management એટલે સંયમ અને જીવન્મુક્તિ એટલે મોક્ષ.

સિંહ મરીને ચોથી નરકે જાય છે. કમઠ તરફ ઢળેલા આત્માની દુર્ગતિ જ થાય છે. પ્રભુ દશમા દેવલોકમાં જાય છે. કારણ કે ભીતરનો ધરણેન્દ્ર પ્રભુની રક્ષા કરે છે, ભૌતિક ધરણેન્દ્ર ફક્ત છેલ્લા ભવમાં જ આવે છે, આધ્યાત્મિક ધરણેન્દ્ર આગલા ભવોમાં પણ પ્રભુની સાથે હતો. **પ્રભુની પ્રભુતાનો સંપૂર્ણ આધાર આધ્યાત્મિક ધરણેન્દ્ર પર જ હોય છે. ભૌતિક દ્રષ્ટિએ પૂર્વના ભવોમાં કમઠે પ્રભુની હત્યા કરી હતી, આધ્યાત્મિક રીતે પૂર્વના ભવોમાં ધરણેન્દ્રે દરેક ઉપસર્ગમાં પ્રભુની રક્ષા કરી હતી. ધરણેન્દ્ર સાપ અને પ્રભુની વચ્ચે દીવાલ બનીને ઊભા રહી ગયા હતા. ધરણેન્દ્ર ભીલ અને પ્રભુની વચ્ચે આડા આવી ગયા હતા. ધરણેન્દ્રે પ્રભુને એવી કોર્ડન કરી દીધી હતી કે સિંહ સાવ જ ભોંઠો પડી ગયો હતો.**

**Mind Management એ પોષદશમીનું હાર્દ છે. વ્યવહાર પોષ-દશમી તો આપણને સમય, પંચાંગ ને કેલેન્ડર જ આપી દેશે. પણ નિશ્ચય પોષ-દશમી તો આપણે જ લાવવી પડશે. આપણી ભીતર પાર્શ્વનાથ ભગવાનનું પ્રાગટ્ય થાય એ આપણા માટે નિશ્ચય - પોષદશમી હશે. અનંતા કાળચક્રો પસાર થઈ ગયા પણ આ પોષદશમી આવી જ નથી.** એક અપેક્ષાએ કહી શકાય કે અનંત કાળ સુધી કમઠ પ્રભુની હત્યા કરતો રહ્યો ને બીજી અપેક્ષાએ કહી શકાય કે પ્રભુનો જન્મ જ ન થયો.

આપણે ક્યાંક પ્રવચનમાં ગયા. કમઠના ઉપસર્ગોની વાત આવી, ધરણેન્દ્રે કરેલી રક્ષાની વાત આવી, આપણે પાર્શ્વનાથ ભગવાનની કથા

સાંભળી આપણે ઉછળી પડ્યા ‘મને આ બધી ખબર જ હતી... મને ખબર છે...’ પણ આપણે એ નથી સમજી શકતા કે આપણને કશી જ ખબર પડતી નથી. હજી સુધી આપણે કશું સમજ્યા જ નથી. આપણે બસ સ્થૂળ સ્થૂળ ઉપરછલ્લી દ્રષ્ટિએ જોઈ લઈએ છીએ. આપણે કદી ભીતરમાં ડુબકી મારતા જ નથી.

**નિશ્ચય પોષ દશમી આપણું પોતાનું જન્મકલ્યાણક બની શકે છે. નિશ્ચય પોષ દશમી આપણું દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ કલ્યાણક પણ બની શકે છે. વરસનો કોઈ પણ દિવસ, નિશ્ચય પોષ દસમી બની શકે છે. કારણ કે એના માટે પંચાંગની નહીં, પરિણતિની જ આવશ્યકતા હોય છે. પોષ દશમી મોક્ષ માર્ગનું સર્વસ્વ છે. વ્યવહાર, નિશ્ચય સર્વ પ્રકારે એની આરાધના કરવા માટે આપણી સર્વ શક્તિ લગાડી દઈએ, આપણો મોક્ષ થઈ જશે.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય
તો મિચ્છામિ દુક્કડમ્.

પોષ દશમી, વિ. ૨૦૭૭
શ્રી પરમાનંદ જૈન સંઘ
વીતરાગ સોસાયટી, અમદાવાદ.

✺

# BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | **નવપદ સંવેદના** | - ધારાવાહી પ્રવચનો |
| ૨. | **પ્રસન્નતાની પરબ** | - જ્ઞાનનો લિક્વિડ ફ્લો |
| ૩. | **વેદનાના શિખરે** | - સાક્ષાત્ નરક |
| ૪. | **સુખોપનિષદ્** | - સુખનું સાચું રહસ્ય (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.) |
| ૫. | **સામ્યોપનિષદ્** | - સમતાના સંગે |
| ૬. | **ધર્મોપનિષદ્** | - સર્વ ધર્મોનું રહસ્ય (સં.-હિંદી-અંગ્રે.) |
| ૭. | **પૂર્ણોપનિષદ્** | - પૂર્ણતાની પગથારે (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.) |
| ૮. | **મગ્નોપનિષદ્** | - મગ્નતાની મસ્તીએ (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.) |
| ૯. | **વીરોપનિષદ્** | - વીરતાની વાટડીએ (ગુજ.-હિંદી-અંગ્રે.-સં.) |
| ૧૦-૩૩. | **આગમ અમૃત શ્રેણી** | - ૨૪ પોકેટ બુક્સમાં આગમ સુધા |
| ૩૪-૫૫. | **આનંદઘનની આત્માનુભૂતિ** | - આધ્યાત્મિક પદોની ભીતરી યાત્રા (ભાગ ૧ થી ૪૧) (૨૨ વોલ્યુમ્સ) |
| ૫૬. | **આગમની આછી ઝલક** | - ૪૫ આગમ પરિચય |
| ૫૭. | **એન્જોય જૈનીઝમ** | - સચિત્ર હિંદી બાળ સાહિત્ય |
| ૫૮. | **ડાયમંડ ડાયરી** | - સચિત્ર હિંદી બાળ સાહિત્ય |
| ૫૯. | **લાઈફ સ્ટાઈલ** | - સચિત્ર હિંદી બાળ સાહિત્ય |
| ૬૦. | **સ્ટોરી સ્ટોરી** | - સચિત્ર હિંદી બાળ સાહિત્ય |

## Books for Scholars

### આગમ-ટીકા સાહિત્ય

(૧-૨૪) આગમ ઉપનિષદ્ શ્રેણિ ૧-૨૪ (સંસ્કૃત સાર સંચય)
(૨૫-૨૬) અંગચૂલિકા-૧,૨
(૨૭-૨૮) ઋષિભાષિત-૧,૨
(૨૯) મરણવિભક્તિપ્રકીર્ણક-૧
(૩૦) ચન્દ્રાવેધ્યકપ્રકીર્ણક
(૩૧) મહાપ્રત્યાખ્યાનપ્રકીર્ણક
(૩૨) વર્ગચૂલિકા

### અન્ય ટીકા સાહિત્ય

(૩૩) ઉપદેશરત્નકોષ
(૩૪) જીવદયાપ્રકરણ
(૩૫) જ્ઞાનપંચકવિવરણ
(૩૬) તત્ત્વોપનિષદ્
(૩૭) દુઃષમગંડિકા
(૩૮) નાનાચિત્તપ્રકરણ
(૩૯) પ્રાર્થનોપનિષદ્
(૪૦) લોકતત્ત્વનિર્ણય
(૪૧) વાદોપનિષદ્
(૪૨) વેદોપનિષદ્
(૪૩) શિક્ષોપનિષદ્
(૪૪) સ્તવોપનિષદ્

## આધ્યાત્મિક સંસ્કૃત સાહિત્ય

(૪૫) અવધૂતગીતા
(૪૬) અષ્ટાવક્રગીતા
(૪૭) આત્માવબોધ
(૪૮) આનંદોપનિષદ્
(૪૯) સમાધિતંત્ર
(૫૦) ઈષ્ટોપદેશ
(૫૧) ઉપનિષત્ સર્વસ્વમ્
(૫૨) જ્ઞાનસાર ઉપહાર
(૫૩) મહોપનિષદ્
(૫૪) સમાધિસુધા
(૫૫) મોક્ષોપનિષદ્
(૫૬) મોહોપનિષદ્
(૫૭) વિમુક્ત્યુપનિષદ્
(૫૮) સદ્બોધચન્દ્રોદય

## સંસ્કૃત અનુવાદ સાહિત્ય

(૫૯) તરંગલોલા સમાસ
(૬૦) વિચારબિન્દુ
(૬૧) ધ્યાનોપનિષદ્
(૬૨) પંચસૂત્રોપનિષદ્

## ગુજરાતી અનુવાદ સાહિત્ય

(૬૩) અસ્પૃશદ્ગતિવાદ
(૬૪) આગમપ્રતિપક્ષનિરાકરણ
(૬૫) વિશેષશતક
(૬૬) દેશનાશતક
(૬૭) ધર્મોપનિષદ્
(૬૮) હિતશિક્ષાછત્રીશી
(૬૯) સૂક્તોપનિષદ્
(૭૦) ગૌતમાષ્ટક
(૭૧) દાનાદિપ્રકરણ
(૭૨) દેવધર્મપરીક્ષા
(૭૩) શંખેશ્વરસ્તોત્ર
(૭૪) સ્તોત્રોપનિષદ્
(૭૫-૭૬) સંબોધસપ્તતિ ૧,૨
(૭૭-૭૮) મોહરાજપરાજય ૧,૨
(૭૯) પૂર્ણોપનિષદ્
(૮૦) મગ્નોપનિષદ્
(૮૧) કર્મસિદ્ધિ
(૮૨) હિંસાષ્ટક
(૮૩) ભર્તૃહરિનિર્વેદ

## અલંકાર + છંદ સાહિત્ય

(૮૪) છંદોડલંકારનિરૂપણમ્

## નૂતન કાવ્ય સાહિત્ય

(૮૫) જીરાવલીયમ્
(૮૬) દેશનોપનિષદ્
(૮૭) પરમપ્રતિષ્ઠા
(૮૮) પ્રેમમંદિરમ્
(૮૯) સિદ્ધાન્તમહોદધિ
(૯૦) ભુવનભાનવીયમ્
(૯૧) સમતાસાગર

## દાર્શનિક અનુવાદ સાહિત્ય

(૯૨) આત્મતત્ત્વવિવેક
(૯૩-૯૪) સર્વદર્શનસંગ્રહ ૧,૨

## નૂતન પ્રકરણ સાહિત્ય

(૯૫) આચારોપનિષદ્
(૯૬) આશાતનોપનિષદ્
(૯૭) પ્રવચનપ્રસૂપનિષદ્
(૯૮) બ્રહ્મોપનિષદ્
(૯૯) યોગોપનિષદ્
(૧૦૦) શમોપનિષદ્
(૧૦૧) શ્રામણ્યોપનિષદ્
(૧૦૨) સંજ્ઞોપનિષદ્
(૧૦૩) પ્રથમોપનિષદ્
(૧૦૪) શ્રુતમહાપૂજનમ્
(૧૦૫) સમયસાર

## નૂતન વાર્ત્તિક સાહિત્ય

(૧૦૬) ભુવનભાનવીયવાર્તિક
(૧૦૭) પંચસૂત્રવાર્તિક
(૧૦૮) યોગબિંદુશ્લોકવાર્તિક
(૧૦૯) દાનવિંશિકા

## ભક્તિ સાહિત્ય

(૧૧૦) જીરાવલા જુહારીએ

## સંયમ સાહિત્ય

(૧૧૧) પ્રવ્રજ્યાવિધાન
(૧૧૨) સત્ત્વોપનિષદ્
(૧૧૩) હિતોપનિષદ્
(૧૧૪) સ્વસ્થતા
(૧૧૫) પરમોપનિષદ્

**વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ.હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

**વર્ધમાનતપોનિધિ પ.પૂ. કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા**

**: પ્રાપ્તિસ્થાન :**

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
પ્રેમકુંજ, શ્રીપરિમલ જૈન સંઘની સામેની ગલીમાં,
પરિમલ, અમદાવાદ.
સુશ્રાવક શ્રીયોગેશભાઈ (મો.) ૯૯૭૪૫૮૭૮૭૯

# BOOKS FOR THE GENERAL PUBLIC

| | | |
|---|---|---|
| ૧. | **આર્ષ વિશ્વ** (ગુજ.-હિંદી) | - ઋષિઓની અમર વાણી |
| ૨. | **કરુણા** | - સર્વ ધર્મોનું આભૂષણ |
| ૩. | **લવ યુ ડોટર** (ગુજ.-હિંદી) | - દીકરી માટે ઓલ ઈન વન લાઈફકોર્સ |
| ૪. | **બેટર ઉતરાણ** (ગુજ.-અં.) | - ખરો ઉત્સવ |
| ૫. | **સુપર ઉતરાણ** (ગુજ.-અં.) | - સમજદારોનો ઉત્સવ |
| ૬. | **વર્લ્ડ ટુડે** (ગુજ.-હિંદી) | - ભવિષ્યગુટિકાની રોમાંચક કથા |
| ૭. | **ટોપ સિક્રેટ** (ગુજ.-હિંદી) | - પૂરો પર્દાફાશ |
| ૮. | **ધ આર્ટ ઓફ ધ પેરન્ટીંગ** | - સાચા મા-બાપ બનવાની કળા |
| ૯. | **જૈનીઝમ : વિશ્વની બધી જ સમસ્યાઓનું સમાધાન** (ગુજ.-હિંદી) | - દુનિયાના દરેક માણસે અવશ્ય વાંચવા જેવું પુસ્તક |
| ૧૦. | **લગ્ન પહેલા** | - ન વાંચો તો પૂરું જોખમ |
| ૧૧. | **નવરાત્રિ** | - પવિત્ર તહેવારની પવિત્ર ઉજવણી |
| ૧૨. | **રોયલ બ્લડ** | - ન્યૂ જનરેશન સાથે નવરાત્રિ-સંવાદ |
| ૧૩. | **ડેથ ફૂડ** | - ભોજન-વિવેક |
| ૧૪. | **સેવ ફેમિલી** | - બધું જ તૂટી-ફૂટી જાય એની પહેલા |
| ૧૫. | **જંગલ કોન્ફરન્સ** | - કોરોના - કટાક્ષ કથા (નેનો બુક) |
| ૧૬. | **કોરોના Secrets** | - જીવનસંદેશ (નેનો બુક) |
| ૧૭. | **ભગવદ્ગીતા** | - ટોપ ટેન શ્લોક (હિં.) |
| ૧૮. | **દિવાળી ઉજવો તે પહેલા** (ગુજ.-હિંદી) | - ઉત્સવની કમ્પ્લીટ ગાઈડ લાઈન |
| ૧૯. | **રાતે ખાતા પહેલા** (ગુજ.-અંગ્રેજી) | - ડિનરની આરપાર |
| ૨૦. | **અમેરિકા જતા પહેલા** | - ૫૮ પોઈન્ટ્સ ઓફ વ્યૂથી અમેરિકા |
| ૨૧. | **રામાયણમ્** | - સુખી જીવનની શૈલી |
| ૨૨. | **માનવતા** | - કોમેડી અને ટ્રેજેડી |
| ૨૩. | **સફળ થવું છે ?** | - સફળ જીવનની સફળ ચાવી |
| ૨૪. | **હેપી અખાત્રીજ** | - અક્ષયતૃતીયાનું સિક્રેટ |
| ૨૫. | **હેપી હોળી** | - હોળીના રંગોની ભીતરમાં |
| ૨૬. | **હેપી ઉત્તરાયણ** (ગુજ.-અંગ્રેજી) | - 'કાપ્યો છે'નું પોસ્ટમોર્ટમ |
| ૨૭. | **સંસ્કાર ABCD** (ગુજ.-અંગ્રેજી-હિંદી) | - સંતાનનું સ્વર્ણિમ ભવિષ્ય |
| ૨૮. | **હેપી રામનવમી** | - શ્રીરામજન્મની સાચી ઉજવણી |
| ૨૯. | **સ્માર્ટ ફુડ** (ગુજ.-હિંદી) | - વૈજ્ઞાનિક અને ધાર્મિક દષ્ટિએ ભોજન |
| ૩૦. | **સત્ય** | - મહાપુરુષોની દૃષ્ટિમાં સત્ય |
| ૩૧. | **પ્રામાણિકતા** | - ગ્રંથોની ગોદમાં પ્રામાણિકતા |
| ૩૨. | **ચમત્કારોની દિલધડક દાસ્તાન** | - સાયન્ટિફિક રિલિજીયન |

| | | |
|---|---|---|
| ૩૩. | **લાખ લાખ વંદન** | - લોકડાઉન-રિલિફ વર્કસ |
| ૩૫. | **એફ - ૩** | - ફક્ત વયસ્કો માટે |
| ૩૬. | **એફ - ૪** | - ફક્ત વયસ્કો માટે |
| ૩૭. | **એફ - ૫** | - ફક્ત વયસ્કો માટે |
| ૩૮. | **એફ - ૬** | - ફક્ત વયસ્કો માટે |

## BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | **આદિનાથને વંદન અમારા** | - ભક્તિથી મુક્તિ-કમ્પ્લીટ ગાઈડ |
| ૨. | **ઓર ન ચાહું રે કંત** | - ધ ડિવાઈન લવ |
| ૩. | **ચત્તારિ સરણં પવજ્જામિ** | - પરમને સંપૂર્ણ શરણ |
| ૪. | **ભગવતીસૂત્ર સંવેદના** | - શિષ્યત્વનું સૌન્દર્ય |
| ૫. | **શ્રાવકનું સૌન્દર્ય ૧,૨** | - ધ રીયલ બ્યુટી-પાર્લર |
| ૬. | **બુજ્ઝિજ્જ તિઉટ્ટેજ્જા** | - અઢાર પાપસ્થાનક |
| ૭. | **Sun n Fun** | - બાળશિબિર-પ્રવચનધારા (ગુજરાતી) |
| ૮. | **ગુરુ અમૃત કી ખાન** | - સદ્ગુરુના સાન્નિધ્યની પળો |
| ૯. | **ધ મેજિક વિધીન** | - પ્રતિક્રમણની જાદુઈ પ્રક્રિયા |
| ૧૦. | **સવિ જીવ કરું શાસનરસી** | - પ્રયાસ અને પરિણામ |
| ૧૧. | **આગમ-અસ્મિતા** | - ૪૫ આગમ અહોભાવયાત્રા |
| ૧૨. | **વર્ષીતપની રહસ્યયાત્રા** | - પ્રભુના ૧૩ પ્રકારના વર્ષીતપ |
| ૧૩. | **નારી in Jainism** (હિંદી) | - જિનશાસનમાં ‘સ્ત્રી’નું ગૌરવ |
| ૧૪. | **Jainism in my Eye** | - વર્લ્ડ-સેલિબ્રિટીસની દૃષ્ટિમાં જૈનીઝમ |
| ૧૫. | **God મહાવીર in my Eye** | - વર્લ્ડ-સેલિબ્રિટીસની દૃષ્ટિમાં મહાવીર |
| ૧૬. | **પાલીતાણા આવો ત્યારે** (ગુ.+હિં.) | - એક કમ્પ્લીટ યાત્રા ગાઈડ |
| ૧૭. | **આગમની આછી ઝલક** | - ૪૫ આગમ - ટૂંક પરિચય |
| ૧૮. | **ટેસ્ટ જૈનીઝમ** | - જૈનીઝમની સિમ્પલ ટેક્સ્ટ બુક |
| ૧૯. | **જૈનીઝમ** (ગુજ.+હિંદી) | - શોર્ટ એન્ડ સ્વીટ જૈનીઝમ |
| ૨૦. | **એ અહીં જ છે** | - પ્રભુનો સાક્ષાત્ અહેસાસ |
| ૨૧. | **આપના માટેની ભવિષ્યવાણી** | - નો યોર ફ્યુચર ડેફિનેટલી |
| ૨૨. | **વરઘોડામાં જતાં પહેલાં** | - સામૈયું - વરઘોડો ગાઈડ લાઈન |
| ૨૩. | **દાન આપતાં પહેલાં** | - જ્યાં રૂપિયો ઉગી નીકળશે |
| ૨૪. | **ભણતા પહેલાં** | - જ્ઞાન પ્રાપ્તિની સોળ યોગ્યતાઓ |
| ૨૫. | **વિલંબ કરતાં પહેલાં** | - સુકૃત-સાફલ્યની પગદંડી |
| ૨૬. | **સગાઈ કરતાં પહેલાં** (ગુજ.-હિંદી-અં.) | - કમ્પ્લીટ એન્ગેજમેન્ટ - ગાઈડ |
| ૨૭. | **પ્રેઝન્ટ ફિલોસોફી** | - આગમના દર્પણમાં નવા દર્શનો |

૨૮. **પ્રભુ વીરની વાણી** - સર્વ શાસ્ત્રોનો સાર
૨૯. **ધ સર્જરી ઓફ ધ પેરન્ટીંગ** - ૫ ઓપરેશન્સ
૩૦. **આજ્ઞાયોગ** - મોક્ષમાર્ગનું પરમ રહસ્ય
૩૧. **આ છે સંસાર** - પૂરો પર્દાફાશ (ગુ.+હિં.)
૩૨. **સંયમ કબ હી મિલે ?** - મુમુક્ષુના હૈયાની વાત
માતા-પિતાના હૈયાને (ગુ.+હિં.)
૩૩. **અપ્પહિયં કાયવ્વં** - દીક્ષા માટે શાસ્ત્રીય માર્ગદર્શન (હિંદી)
૩૪. **ડિલે ઈસ ડેન્જરસ** - અભી નહીં તો કભી નહીં (ગુ.+હિં.)
૩૫. **જીરાવલીયમ્** - જીરાવલાની અદ્ભુત કથા (હિંદી)
૩૬. **બ્રહ્મ Easy** - બ્રહ્મચર્ય - માર્ગદર્શન
૩૭. **ઈમોશન્સ** - હૃદયની વાત
૩૮. **સમાધાનની અંજલિ** - શ્રમણાદિ દ્વારા પૂછાયેલ પ્રશ્નોના ઉત્તરો
૩૯. **સ્ટાર સ્ટોરી** - બાળ-વાર્તા
૪૦. **આચારની અંજલિ** - આચારપુરુષ સૂરિ પ્રેમના ગુણગાન
૪૧. **સમાધાન** - પ્રશ્નોત્તરી (હિં.)
૪૨. **ધ્યાનયોગ** - પંદર પ્રેક્ટિકલ મેડિટેશન્સ
૪૩. **સ્વપ્ન જિનશાસન** - સ્વર્ણિમ સ્વપ્નોનું વિશ્વ
૪૪. **આત્માની અંતર્યાત્રા** - ઈન ધ સર્ચ ઓફ ધ સેલ્ફ
૪૫. **સદા મગન મેં રહના** - સાચા સુખનું સાચું સરનામું
૪૬. **અનુભૂતિગીતા** - મસ્તીનો મસ્ત મહોત્સવ
૪૭. **હેપી પર્યુષણ** - પરિચય અને પરિણતિ
૪૮. **સમતા** - જીવન્મુક્તિની અનુભૂતિ
૪૯. **આઈ આઈ રે અંજનશલાકા** - સ્ટેજ પ્રોગ્રામ રનિંગ સ્ક્રીપ્ટ
૫૦. **ત્રિપદીશતકમ્** - સો પ્રવચનો-સમરી
૫૧. **સંદર્ભસંચય** - વીણેલા મોતીઓ
૫૨. **ફીલિંગ્સ** - જિનશાસન માટેની અંતરની ઉર્મિઓ
૫૩-૫૫. **ઉપમિતિની અંજલિ** - પ્રવચન-ઝલક (ભાગ-૧ થી ૩)
૫૬. **સંતાનોને ગુમાવતા પહેલા** - એજ્યુકેશન ગાઈડ
૫૭. **વિનય** - ઉત્તરાધ્યયન-પ્રવચન-ઝલક
૫૮. **અંતરની અંજલિ** - વિવિધ વિષયક અંતરની વાતો
૫૯. **લાઈફ કોર્સ** - પ્રેકટીકલ એજ્યુકેશન
૬૦. **સ્પીરિચ્યુઅલ કોર્સ** - સાત્ત્વિક એજ્યુકેશન
૬૧. **સંયમની અંજલિ** - દીક્ષોત્સવ પ્રવચનો
૬૨. **Let me say** (ગુજ.) - અગનવર્ષા

| | | |
|---|---|---|
| ૬૩. | **જૈન 31st** | - 31st ડિસેમ્બર - શોર્ટ ટોક |
| ૬૪. | **તપ** | - તપ અને પારણું - ગાઈડ |
| ૬૫. | **ડ્રેસ ગાઈડ** | - બહેનને ભાઈની ભેટ |
| ૬૬. | **જ્ઞાનની અંજલિ** | - વિવિધ વિષયક પ્રવચન ઝલક |
| ૬૭. | **Jain Organization** | - Guide-lines |
| ૬૮. | **આદર્શની અંજલિ** | - પ્રવચન ઝલક |
| ૬૯. | **ઉજાસની અંજલિ** | - પ્રવચન ઝલક |
| ૭૦. | **સંવેગ** | - પ્રવચન ઝલક |
| ૭૧. | **આત્મૈષણા** | - ધ્યાન શિબિર પ્રસ્તુતિ |
| ૭૨. | **ધ્યાન** | - ધ્યાન - થિયરી + પ્રેક્ટીકલ |
| ૭૩. | **જ્ઞાનસ્વામિવાત્સલ્ય** | - પેઈન્ટીંગ કોન્સેપ્ટ |
| ૭૪. | **તત્ત્વ** | - પ્રવચન ઝલક |
| ૭૫. | **પ્રેક્ટીકલ કોર્સ** | - લાઈફ એજ્યુકેશન |
| ૭૬. | **ડિવાઈન કોર્સ** | - બેટર એજ્યુકેશન |
| ૭૭. | **અંગારની અંજલિ** | - શાસન-સંવેદના |
| ૭૮. | **પાલીતાણા સોલ્યુશન** | - તીર્થરક્ષા ઉપાય |
| ૭૯. | **આત્મપરિણતિ** | - ચિદાનંદ પદ ચિંતન |
| ૮૦. | **આત્મપરિણય** | - ચિદાનંદ પદ ચિંતન |
| ૮૧. | **દીક્ષા પહેલાં** | - મુહૂર્ત પછી શું ? માર્ગદર્શન |
| ૮૨. | **ફાગણ સુદ તે-રસ** | - પર્વની આર પાર |
| ૮૩. | **સાહિત્ય વિશ્વમાં સ્વાગત** | - પુસ્તક પરિચય |
| ૮૪. | **વૈરાગ્ય** | - પ્રવચન ઝલક |
| ૮૫. | **લક્ષ્ય** | - પ્રવચન ઝલક |
| ૮૬-૯૨. | **ઉપમિતિની અંજલિ** | - પ્રવચન ઝલક (ભાગ ૪-૯) |
| ૯૩-૧૦૪. | **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** | - પ્રવચન ધારા (ભાગ ૧-૧૧) |
| ૧૦૫. | **મંથન** | - ચિંતન નવનીત |
| ૧૦૬. | **સંયમ-સંવેદના** | - ક્યારે બનીશ હું સાચો રે સંત - ફીલિંગ્સ |
| ૧૦૭. | **શીલ** | - યાત્રા, પુરુષથી પરમ પુરુષ સુધી |
| ૧૦૮. | **વર્કશોપ** | - પ્લાન જ્ઞાનસત્ર |
| ૧૦૯. | **આકાશ તૂટી પડે એ પહેલા** | - જો રડવામાં રસ હોય તો પ્લીઝ ન વાંચતા |
| ૧૧૦. | **ધરતી ખસી જાય એ પહેલાં** | - જો ઘરમાં જ ભૂકંપ જોવો હોય તો પ્લીઝ ન વાંચતા |
| ૧૧૧. | **ડ્રોપ** | - સંતાનનું સ્વર્ણિમ ભવિષ્ય |

| | | |
|---|---|---|
| ૧૧૨. | **અનુપમ ઓળી** | - પ્રેરણા અને વિધિ |
| ૧૧૩. | **ચિંતન** | - વિવિધ પરિશીલન |
| ૧૧૪. | **સિદ્ધાન્તદિવાકર** | - ગુણાંજલિ |
| ૧૧૫. | **લોન** | - શાસ્ત્રીય માર્ગદર્શન |
| ૧૧૬. | **કવચ** | - મોહની બાણવર્ષામાં સુરક્ષા |
| ૧૧૭. | **સમાધિ** | - સુધા-વર્ષા |
| ૧૧૮. | **ઓપરેશન** | - મમત્વની ગાંઠનો નિકાલ |
| ૧૧૯. | **સંવેગરંગમાળા** | - સમાધિ... નક્કી |
| ૧૨૦. | **આત્માનુશાસન** | - મારી સાથે મારી વાત |
| ૧૨૧. | **આત્માનુશાસ્તિ** | - સ્વની સ્વને સ્વર્ણિમ ભેટ |
| ૧૨૨. | **હૃદયપ્રદીપ** | - અજવાળું જ અજવાળું |
| ૧૨૩. | **૧૬ ભાવના** | - ભાવો અને મોક્ષે જાવો |
| ૧૨૪. | **સામ્ય** | - પ્રત્યક્ષ મોક્ષ |
| ૧૨૫. | **31st** | - તમે ક્રિશ્ચન કે જૈન ? |
| ૧૨૬. | **પશુનિકાસ ચેપ્ટર** | - ૨૦૧૮, જનજાગૃતિ |
| ૧૨૭-૧૩૩. | **ઉપમિતિની અંજલિ** | - પ્રવચન ઝલક (ભાગ ૧૦-૧૫) |
| ૧૩૪. | **Steam જિનશાસન** | - હૈયા વરાળ |
| ૧૩૫-૧૩૭. | **અધ્યાત્મની અંજલિ (૧-૩)** | - અધ્યાત્મસાર આધારિત પ્રવચનોની ઝલક |
| ૧૩૮. | **હાર્દ** | - હૃદયની વાત |
| ૧૩૯. | **ઘર** | - ક્યાં અને કેવું ? - ગાઈડ લાઈન |
| ૧૪૦. | **ઉપાશ્રય** | - સ્પેશિયલ ગાઈડન્સ |
| ૧૪૧. | **મૃત્યુ** | - સરળ સમાધિ માર્ગદર્શન |
| ૧૪૨. | **Dream જિનશાસન** | - સ્વર્ણિમ સ્વપ્નો |
| ૧૪૩. | **My જિનશાસન** | - આત્મીયતાનો અંતઃસ્પર્શ |
| ૧૪૪. | **For જિનશાસન** | - You can do |
| ૧૪૫. | **Enlight જિનશાસન** | - અનુકંપા-ગાઈડ સંદેશ-સંગ્રહ |
| ૧૪૬. | **Enlight જિનશાસન** | - Shorter edition |
| ૧૪૭. | **સ્ટોપ** | - ડ્રોપ-પ્રેરણાસંદેશ-સંગ્રહ |
| ૧૪૮. | **જ્ઞાનભંડાર** | - વિકાસ-ટિપ્સ |
| ૧૪૯. | **સંયમ-સ્વપ્નયાત્રા** | - સંવેદના-પ્રવચનો |
| ૧૫૦-૧૫૩. | **ઉપમિતિની અંજલિ** | - પ્રવચન-ઝલક (ભા.૧૬ થી ૧૯) |
| ૧૫૪. | **લોક N કી** | - વર્તમાન પ્રશ્નો અને સમાધાન |

## Books for Scholars

### Hand-Written Short Notes

(૧) મહાવીરકથા (ભાગ-૧)
(૨) પાતંજલયોગસૂત્ર (અંશ)
(૩) મીમાંસાન્યાયપ્રકાશ (અંશ)
(૪) નંદીસૂત્ર (અંશ)
(૫) પ્રાચીન સ્તવનાદિ (અંશ)
(૬) ઉત્તરાધ્યયનસૂત્ર (અંશ)
(૭) પંચાશક (અંશ)
(૮) પ્રમાણપ્રમેયકલિકા (અંશ)
(૯) શાસ્ત્રવાર્તાસમુચ્ચય (અંશ)
(૧૦) તત્ત્વાર્થ-સિદ્ધસેની (અંશ)
(૧૧) સન્મતિતર્કપ્રકરણ (અંશ)
(૧૨) અવચ્છેદકત્વનિરુક્તિ (અંશ)
(૧૩) પ્રમાણમીમાંસા (અંશ)
(૧૪) નયરહસ્ય (અંશ)
(૧૫) સુપ્રસિદ્ધ લૌકિકન્યાયસંચય
(૧૬) ન્યાયાવતાર
(૧૭) અનેકાન્તવાદપ્રવેશ
(૧૮) તત્ત્વોપપ્લવસિંહ
(૧૯) ન્યાયબિન્દુ (અંશ)
(૨૦) પરમતેજ સંસ્કૃતાનુવાદ (અંશ)
(૨૧) સાંખ્યતત્ત્વકૌમુદી (અંશ)
(૨૨) વાદસંગ્રહ (અંશ)
(૨૩) કાવ્યાનુશાસન આદિ (અંશ)
(૨૪) પ્રસ્થાનભેદ (અંશ)
(૨૫) જીરાવલીયમ્ - ફોટા નિર્દેશ
(૨૬) પંચમી-એકાદશી થોય અર્થ

### સ્ટેજ પ્રોગ્રામ સાહિત્ય

(૨૭) આઈ આઈ રે અંજનશલાકા
(૨૮) શાલિભદ્ર - લાઈવ
(૨૯) જીવનલક્ષ્ય - લાઈવ

### સાર સંચય સાહિત્ય

(૩૦-૩૩) સ્વાધ્યાયયાત્રા (ભાગ ૧-૪)
(૩૪) માર્ગાનુસારિતા-૧
(૩૫) સંદર્ભસંદોહ
(૩૬) સંદર્ભસાગર
(૩૭) નવપદ પ્રદક્ષિણા
(૩૮) સંદર્ભસંગ્રહ
(૩૯) સંદર્ભસિન્ધુ
(૪૦) સંદર્ભસમૂહ
(૪૧) સંદર્ભસંકલન

### સંયમજીવનોપયોગી સાહિત્ય

(૪૨) શ્રામણ્યસંવાદ
(૪૩) શાસનસંવાદ
(૪૪) બસ હવે બહુ થયું
(૪૫) સંદર્ભ સમુદાય
(૪૬) સંયમ-સંવાદ
(૪૭) સત્ય સંવાદ
(૪૮) પરઠવતા પહેલા
(૪૯) હવે તો નહીં જ
(૫૦) સંસ્કૃત સર્જન ટિપ્સ
(૫૧) ચોમાસું કરતા પહેલા
(૫૨) સૌહાર્દ સંવાદ
(૫૩) સમાધાન સંવાદ
(૫૪) સમ્યક્ સંવાદ

(૫૫) શ્રમણ અભ્યાસ ક્રમ
(૫૬) પારિષ્ઠાપનિકા સોલ્યુશન
(૫૭) આખરે ક્યાં સુધી
(૫૮) સદ્‌ગુણ સંવાદ
(૫૯) સાધના સંવાદ
(૬૫) પ્રશ્નોત્તર
(૬૦) સાધુતા-સંવાદ
(૬૧) પંચમ સમિતિ પ્રભુની દૃષ્ટિમાં
(૬૨) સમર્પણ સંવાદ
(૬૩) શુદ્ધિ સંવાદ
(૬૪) પારિષ્ઠાપનિકા
(૬૬) વર્તમાન સમસ્યા (સેતુબંધ-લેખો)
(૬૭) સ્વાધ્યાયયાત્રા - ૫ - વીણેલા મોતીઓ (સંસ્કૃત/પ્રાકૃત)
(૬૮) જૈન પરંપરા - સંક્ષિપ્ત ઈતિહાસ (સંસ્કૃત)
(૬૯) સૂત્રસંવાદ - સંયમ-સંજીવની
(૭૦) શ્રુતસંવાદ - શ્રુતનું હાર્દ જીવન સંવાદ

**પેમ્ફલેટ સાહિત્ય**

(a) **जैन धर्म और भगवान महावीर**
(b) Do you know / **क्यां आप जानते है** / શું તમે જાણો છો ? (જૈન સાધુ પરિચય)
(c) Jainism's Social output (ગુ. હિં.)
(d) Jainism વિશ્વની બધી સમસ્યાઓનું સમાધાન (ગુ. હિં.)
(e) The art of the parenting
(f) ગુરુ પ્રેમ
(g) Know Jains (ગુ. હિં.)
(h) જૈન ધર્મ (દેવ-ગુરુ-ધર્મ)
(i) કોરોના & જૈન સૂત્રો
(j) કોરોના & Swiss Black Money

## HEART TO HEART SERIES

ફ્રી ઈ-બુક માટે : ahoshrut.bs@gmail.com
આના દ્વારા આપ નજીકની Print on demand-shop થી હાર્ડ કોપી મેળવી શકશો.

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **શિક્ષાસમીક્ષા (હિં)** - પાઠ્યપુસ્તક વિમર્શ
૨. **શ્લોક સૌંદર્ય (ગુ.હિં.)** - વીણેલા મોતી
૩. **એફ - 2** - Faith Festival
૪. **વિઝન** - દૃષ્ટિ, જે તમારી સૃષ્ટિને બદલી દેશે
૫. **લેટર્સ** - રાજકીય પત્રપ્રેરણા
૬. **કોરોના-સ્કેન્ડલ** - પર્દાફાશ

## BOOKS FOR THE JAINS

૧. **Heart જિનશાસન** - સંઘ નહીં તો કશું નહીં
૨. **Mission જિનશાસન** - સંપૂર્ણ સાધર્મિકભક્તિ
૩. **Plan પર્યુષણ** - લોકડાઉન માર્ગદર્શન
૪. **પ્રયાગ** (હિં.) - સદ્ગુણોનો ત્રિવેણી સંગમ
૫. **મિશન શેત્રુંજી** - રક્ષા-અભિયાન
૬. **સંઘ** - સફળ સંચાલન
૭. **ગાઈડન્સ** - વિવિધ માર્ગદર્શન
૮. **માણિભદ્ર સંવેદના** - આસો સુદ ૫ - સંવાદ
૯. દિવાળી - ગુરુ ગૌતમની અનુભૂતિ
૧૦. **ગેરન્ટી** - ડેફિનેટલી મોક્ષ
૧૧. **Vision જિનશાસન** - સ્વપ્નિલ દૃષ્ટિ
૧૨. **એક્ચ્યુઅલ એજ્યુકેશન** - જો તમે દીકરાના દુશ્મન હો તો નહીં વાંચતા
૧૩. **સિદ્ધાચલ-આધ્યાત્મિકયાત્રા** - સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ - સ્તવનધારા
૧૪. **જિનપૂજા** - પ્રેરણા-સંગ્રહ
૧૫. **પરિણતિ-પાવનયાત્રા** - Heart જિનશાસન પ્રવચનધારા
૧૬. **બધું જ ખલાસ થઈ જાય તે પહેલા** - જો તમે દુઃખી થવાનું નક્કી જ કરી લીધું હોય તો ન વાંચતા

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

૧. **સત્ સંવાદ** - સંતત્વ માટે સંતોની સાથે
૨. **સંવર સંવાદ** - સર્વકર્મના પ્રવેશ-નિષેધ માટેની વાત
૩. **સમુદાય** - સર્વ સમુદાય ઉત્કર્ષ વિચાર

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **Mission સ્વચ્છ સાયબર** (હિં.ગુ.) - સફાઈ સામગ્રી
૨. **નારી ગરિમા** - ૧૬ વર્ષની દીકરી માટે ૧૬ પાના
૩. Court Says (હિં.ગુ.) - ગંદા પ્રસારતંત્ર પર કોર્ટની સમાલોચના
૪. **સર્વ ધર્મશાસ્ત્રોં કે અભિપ્રાય** (હિં.) - ગંદા પ્રસારતંત્રનો સર્વ ધર્મો દ્વારા વિરોધ-સચિત્ર
૫. **સર્વ ધર્મગુરુઓં કે અભિપ્રાય** (હિં.) - વિવિધ ધર્મસંપ્રદાયો દ્વારા ગંદા પ્રસારતંત્રનો વિરોધ
૬. **લાઈન્સ On ગાઈડલાઈન્સ** (હિં.) - પ્રસારતંત્ર ગાઈડલાઈન પર સીધા પ્રશ્ન
૭. **રાષ્ટ્રહિત - પત્રવ્યવહાર** (હિં.) - પ્રસારતંત્ર-સ્વચ્છતા માટેના પ્રયાસો

## BOOKS FOR THE JAINS

૧. Journey **જિનશાસન** - શાસનયાત્રા
૨. **પર્યુષણ-૧** - પ્રવચનધારા (હસ્તલિખિત)
૩. **આરાધનાયાત્રા** - પંચવસ્તુક-વાચના (હસ્તલિખિત)
૪. Management : **પાર્શ્વ** - લાઈફ સિક્રેટ્સ
૫. **પ્રવાહ** - વિવિધ લેખો
૬-૧૦. **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** - પ્રવચનધારા ભાગ ૧૨ થી ૧૬ (હસ્તલિખિત)
૧૧. **પેરન્ટીંગ-સર્જરી** - પ્રવચનધારા (હસ્તલિખિત)
૧૨. **ધ્યાનયાત્રા** - પ્રવચનધારા (હસ્તલિખિત)

## BOOKS FOR SAYYAMI BHAGWANTS

૧. **સંજ્ઞાન સંવાદ** - શ્રમણ વાચના
૨. **વિરક્તિ ધારા** - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૩. **વિશુદ્ધિ ધારા** - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૪. **પરિણતિ ધારા** - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૫. **વિરતિ ધારા** - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૬. **પ્રવ્રજ્યા ધારા** - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)
૭. **પરમ ધારા** - પંચસૂત્ર આધારિત શ્રમણવાચના (હસ્તલિખિત)

### પેમ્ફલેટ સાહિત્ય

बावशी और बारिश (हिं.) - સપ્રેમ સમજાવટ

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.